|

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત.
**Phone No : (0261)2662903,** **Email:-*suratdeo@gmail.com***

જા.નં./મા-૭/ફાયરસેફટી-NOC/૨૦૨૧/ ૮૪૧૭-૧૨ તા.૦૨/૦૭/૨૦૨૧.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ-સુરત.

**વિષય:-** જિલ્લામાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાયર એન.ઓ.સી મેળવી લેવા બાબત.

**સંદર્ભ:-** કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગરના પત્ર ક્રમાંક:-જમીન બાંધકામ/૨૦૨૧/ફાયર સેફ્ટી/૭૩૬-૭૬૯, તા.૨૨/૦૬/૨૦૨૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, સુરત જિલ્લામાં આવેલી સરકારી અને ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. તમામ શાળાઓમાં જે શાળાઓએ ફાયર સેફ્ટીનું NOC મેળવેલ નથી તેવી શાળાઓના આચાર્યશ્રીઓએ જે તે શાળાઓને લાગુ પડતાં ફાયર સેફ્ટી NOC ઇસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી ફાયર સેફ્ટીનું NOC મેળવવાની કાર્યવાહી કરવા માટે આથી જણાવવામાં આવે છે. તથા જયારે પણ ફાયર સેફ્ટી NOC ની મુદત પૂર્ણ થાય તે પહેલા ફાયર સેફ્ટી NOC રીન્યુઅલ કરાવવાની રહેશે.

સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી ફાયર સેફ્ટીનું NOC મેળવી તેની પ્રમાણિત કરેલી એક નકલ અત્રેની કચેરીમાં તાત્કાલિક મોકલી આપવાની રહેશે. સમય મર્યાદામાં ફાયર સેફ્ટીનું NOC મેળવવામાં નહિ આવે તો આ બાબતે કોઇપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની તમામ જવાબદારી સંચાલક મંડળ/આચાર્યશ્રીની રહેશે.જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત.

**નકલ સવિનય રવાના:-**

- કમિશનર શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર.